### સક્રિય અને જાગૃત ધારાસભ્ય શ્રી મહેશભાઇ કસવાલાના અધ્યક્ષસ્થાને

# સાવરકુંડલાના પીઠવડીમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

### ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ ટેકોલોજી તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન આપવા રાજ્યભરમાં આયોજન

### રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા શ્રી અન્ન, બાગાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિષયો ઉપર ખેડૂતોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું





પીઠવડી, (પ્રકાશભાઈ ખુમાણ)

ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ ટેકોલોજી તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન આપવા રાજ્યના તમામ તાલુકામાં તા. ૨૪ તથા ૨૫ નવેમ્બર દરમિયાન બેદિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાવરકુંડલા તાલુકા પીઠવડી ગામે તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે. જેમાં સાવરકુંડલા તાલુકાનો કાર્યક્રમ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને દિવાળીબા હાઈસ્કૂલ પીઠવડી ખાતે યોજવામાં આવ્યો હતો.

રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા શ્રી અન્ન, બાગાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દ્વારા પ્રાકૃતિક કૃષિના અનુભવો વ્યક્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા શ્રી અન્નના ફાયદા તેમજ શ્રી અન્નને આપનાવી રોગમુક્ત થઈએ તેમ જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું હતું. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજીત આ રવિ કૃષિ મહોત્સવના મુખ્ય આકર્ષણો કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન, સરદાર પટેલ કૃષિ સંશોધન, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ વિતરણ, પશુ આરોગ્ય ક્રેમ્પ, સેવા સેતુ તેમજ સહકારી પ્રવૃત્તિની રૂપરેખા છે. આ ઉપરાંત ખેડૂતોને મહાનુભાવોના હસ્તે યોજનાના મંજૂરીપત્રો, સહાય હુકમોના વિતરણ પણ કરવામાં આવ્યું

કાર્યક્રમના અધ્યક્ષશ્રીએ ગાય આધારિત ખેતી કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આભાર વિધિ વિસ્તરણ અધિકારી પ્રણવભાઈ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ભોજનનું આયોજન થયેલ હતું.

આ રવિ કૃષિ મહોત્સવમાં શ્રી અન્ન મિલેટ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત, એફ.પી.ઓ.ની કામગીરી, પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનમાં વધારો તથા ઈનપૂટસનો ઉપયોગ, બાગાયત પાકોમાં નવીનત્તમ ટેકનોલોજી વિગેરે બાબતો પર કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યુંહતું. સાથે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજય કક્ષાના રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. તેમજ મિલેટ બુક કે જેમાં મિલેટ ધન્ય દ્વારા બનતી વિવિધ વાનગીઓની રેસિપી સહિતની માહિતી આપવામાં આવેલ છે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. રવિ કૃષિ મહોત્સવમાં કુલ ૫૭ લાભાથીઓને મંજૂરીઓ મહાનુભાવોને હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. જુદા જુદા ૩૦ જેટલા સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા ઉપસ્થિતો દ્વારા આ સ્ટોલની મુલાકાત પણ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીવનભાઈ વેકરિયા, કિશોરભાઈ બુહા, રાઘવભાઈ સાવલિયા સહિતના મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો અને મળદનીશ ખેતી નિયામકશ્રી, મામલતદારશ્રી, સહિતના અધિકારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## નાના ગોખરવાળા નજીક અકસ્માતનાં સમયે પળનોય વિલંબ કર્યા વિના શ્રી કૌશિક વેકરીયાએ મદદ કરી

### પોતાનો કાફલો રોકાવી ઇજાગ્રસ્તોને સારવાર માટે પેટ્રોલીંગ કારમાં રવાના કર્યા



અમરેલી,

અમરેલીનાં નાના ગોખરવાળા નજીક અકસ્માતનાં સમયે પળનોઇ વિલંબ કર્યા વીના શ્રી કૌશિક વેકરીયાએ પોતાનો કાફલો રોકાવી પેટ્રોલીંગ કારમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યાં હતાં અને જરૂરી મદદ કરી હતી.

આ સમયે કવિદાદની કૃતિ યાદ આવે છે તેમણે લખેલુ કે- જગ ઉથડકી જાય પણ જેના ઠરેલ મન થડકે જ નહિ;એવા અણડગઅવની ઉપર મેં દીઠા(જોયા)થોડા દાદ કર્યે, 'જેની સરવાણી સારી હોય એ દુકાળમાં ય કોઈ દી ડુકે નહિ, નામ રહંતા ઠાકરા નાણાં રહંતા નહિ;કીર્તિ કેરા કોટડા પાડ્યા પડતા નહિ આમ આ ઉકિતઓને અક્ષરસઃ સાર્થક કરતા આપણા વિસ્તારનું ગૌરવ,યુવાઓના આદર્શ અમરેલીની જનતાનો અડધી રાતનો હોંકારા સમાન છે.

ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક નું ગૌરવશાળી પદ શોભાવતા ધારાસભ્યશ્રી કૌશિકભાઈ વેકરીયા આજે બપોરે તેમના મતવિસ્તારના પ્રવાસે હતા ત્યારે આ બનાવ બન્યો હતો. એ અરસામાં નાના ગોખરવાળા અને ચક્કરગઢ ગામની વચ્ચે રસ્તામાં એક કુટુંબને રોડ અકસ્માત નડ્યો ત્યારે એકપણ પળનો વિલંબ કર્યા વગર પોતાની ગાડીઓનો કાફલો રસ્તા વચ્ચે તાત્કાલિક રોકાવી અને ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક પોતાની પેટ્રોલિંગ કારમાં અમરેલી મુકામે સારવાર અર્થે રવાના કર્યા હતાં.


પ્લોટ લેવો હોય તો, ઝડપ કરો...
અમરેલીના લાઠી રોડ ઉપર
શ્રી વલ્લભ - ધરમનગર - પ્રમુખ સ્વામી
વૃન્દાવન - કે.કે.પાર્ક - રોયલ પાર્ક
શામજીનગરમાં ૦.૭૫ (પોણા વસાના)
પ્લોટ અરજન્ટ વેચવાના છે.
લીલીયા રોડ થી અંદર ૬.૫ વીઘા
ચાલુ વાડી વેચવાની છે.
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪


### મહિલા વિરૂધ્ધ હિંસા નિવારણ દિવસ તરીકે કાળો દિવસ ગણાવાઇ રહ્યો છે ત્યારે

## રાજ્યમાં મહિલા અનામત બિલની લાંબા સમય પછી પણ અમલવારી થશે કે કેમ? : શ્રી જેનીબેન ઠુંમર

### મહિલા અનામત બીલ અંગે પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખ શ્રી જેનીબેન ઠુંમરની પ્રતિક્રીયા



અમરેલી,મહિલા વિરૂદ્ધ હિંસા નિવારણ દિવસતરીકેએક કાળો દિવસ ગણાઈ રહ્યો છે તે અંગે પ્રત્યાઘાત આપતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ, અમરેલી જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, મહિલા અનામતનાં સંસદમાં બિલ પસાર થઈ રહ્યા છે તેની અમલવારી કરવાનાં ઘણા લાંબા પછી કરવાની છે થશે કે કેમ તે બાબત ઉપર મહિલાઓમાં શંકા પ્રવર્તિ રહી છે. મહિલાઓ સાથે આ છેતરપીંડીનું બિલ છે મહિલા વિરૂદ્ધ હિંસા નિવારણ દિવસ માં ગુજરાતની મહિલાઓની શું પરિસ્થિતિ છે તે બાબતે આકડાકીય માહિતી આપતાં જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતુ કે, ૨૦૧૮ થી ૨૦૨૧ દરમ્યાન ૨૧૫૬ મહિલાઓ ઉપર બળાત્કારના કિસ્સા નોંધાયા છે અને જે નોંધાયા નથી તેના આકડા તો અનેક ગણા છે. સરકારી આકડા પ્રમાણે દર વર્ષે ૫૫૦ મહિલાઓ બળાત્કારનાં ભોગ બને છે નોંધાયા વગરનાં કિસ્સા કેટલા છે એ તો ભગવાન જ જણાવી શકે, ગુજરાતમાં ૩૭૬૨ મહિલાઓ તેમની ઉપર અત્યાચારની ફરિયાદ નોંધાવી ચુકી છે દર મહિને ૧૦૦ મહિલાઓ ઉપર અત્યાચાર થાય છે. ભાજપનું ગુજરાતમાં ઘણા લાંબા સમયથી શાસન ચાલે છે અને દેશમાં ભાજપનું શાસન આવ્યાં પછી માત્ર ૨૦૧૮ થી ૨૦૨૧ ની માહિતી પ્રમાણે અનેક મહિલાઓ ઉપર એસિડનાં એટેક થયા છે. સામુહિક બળાત્કારનાં પણ કેસો નોંધાયા છે. છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ૬૦ થી વધારે મહિલાઓ ઉપર સામુહિક બળાત્કારનાં કિસ્સાઓ નોંધાયા છે. દર વર્ષે ૨૫૦ થી ૩૦૦ મહિલાઓની હત્યા થઈ રહી છે, હજારોની સંખ્યામાં મહિલાઓ ઘરે થી નીકળી ગયા પછી તેમનો હતો-પતો નથી, અનેક નાની યુવાન દિકરીઓનાં અપહરણ થયા છે સ્કુલ, કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓનાં અપહરણ થયા પછી તેનો પણ હતો-પતો મળતો નથી. ત્યારે ગુજરાતમાં કઈ સલામતી છે તે મહિલાઓ હવે વિચારવાની જરૂરીયાત ઉભી થઈ છે. કોઈપણ બહેનને દુઃખ પડે તો ૧૫ પૈસાનું પોષ્ટકાર્ડ લખવાની વાતો કરનારા ભાઈ આજે દિલ્હીમાં બેઠા છે અને તેમની બહેનોની સલામતી છે કે કેમ તે ભાઈએ ક્યારેય તપાસ કરી છે ખરી? હવે ગુજરાત ગાંધી, સરદારનું ગુજરાત નહીં પણ અત્યાચારી ગુજરાત બન્યું છે. આ ગુજરાત મોડલ આખા દેશમાં લાગું પડશે તો દેશની શું પરિસ્થિતિ થશે તે મહિલાઓએ પણ વિચારવાનો સમય પાકી ગયો છે તેવો એક વૈધક સવાલ સાથે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું. ગુજરાત સરકાર આ બાબતે શું કહેવા માંગે છે અને મહિલા પ્રધાનો આ બાબતે શું કહેવા માંગે છે તેનો ખુલાસો કરે તેમ એક પ્રેસ નિવેદન કરી જણાવ્યું હતું.


ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

જમીન વેચવાની છે
અનેક સગવડ સાથે
અમરેલી ચિતલ હાઇવે ટચ
જમીન કસમાં વેચવાની છે
-:: સંપર્ક ::-
મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

Coca-Cola
જીતુભાઈ પાથર
૯૮૯૮૦ ૫૨૯૭૭
૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

મહેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચઃ- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

ડો.વિભાબેન વેલાણી
ડો.રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ▪ ફરસાણ ▪ ૩ શાક ▪ દાળ-ભાત ▪ રોટલી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
દરરોજ સાંજે... ૩ શાક ▪ કઢી - ખીચડી ▪ રોટલી - રોટલા ▪ ભાખરી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
૧૯૬૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
ડો. જોષી સાઈકીયાટ્રી કલીનીક
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઈ તથા વ્યસન મુકતીનાં નિષ્ણાંત
બીજા માળે, વ્હાઈટ હાઉસ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી ફોન : ૦૨૭૯૨ ૨૨૪૨૨૪

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

બાબરામાં દુકાન વેચવાની છે
દુકાન નં.૧૯ - પુનમ શોપીંગ સેન્ટર, કલાલ ચોક, નાના બસ સ્ટેન્ડ પાસે, ૧૭.૭ ફુટ x ૭.૭ ફુટની અતિ મોકાની દુકાન બાબરામાં વેચવાની છે
સંપર્ક : મો.૯૮૨૫૭ ૪૪૮૪૬

વાડી વેચવાની છે
૩૬ વીઘાની મુ.પીપળવા (ગીર) તા.ખાંભા, જી.અમરેલી
૯ વીઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
સંપર્ક : મો.૯૪૨૬૨ ૪૩૪૩૪

મેટ્રો કન્સલટન્ટ
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ ● GST રીર્ટન ● I.T. રીર્ટન
સંપૂર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફીસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોનઃ (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

ભાડેથી આપવાની છે
પાટીદાર રેસ્ટોરન્ટ વાળી જગ્યા ભાડેથી આપવાની છે. સાવન સીમેન્ટની બાજુમાં, સોનાલીકા ટ્રેકટરની સામે, લાઠી રોડ, અમરેલી.
સંપર્ક : રમેશભાઇ વામજા
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯

આકર્ષક પગારથી માણસ જોઇએ છે
પેટ્રોલ પંપ તથા સ્ટોન ક્શરમાં વહીવટી કામ કરી શકે તેવા તેમજ બેંકના કામના જાણકાર
એકાઉન્ટન્ટ કમ ઓપરેટર
ની જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે
સંપર્ક : નિલવડા, તા.બાબરા
મો.૯૯૭૮૩ ૯૭૩૬૮, ૯૯૦૯૬ ૦૯૫૬૯
૯૭૧૨૫ ૫૨૪૪૪

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

વેચવાનું છે
જુની ઇંટો તેમજ બારી દરવાજા તેમજ કોટા પથ્થર, લાદી વ્યાજબી ભાવે વેચવાના છે
જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા
હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૫૨
જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭

રૂદ્ર એન્ટરપ્રાઇઝ
ગેરેન્ટેડ લેડીઝ ઇમીટેશન જવેલરીમાં દિપાવલી ધમાકા ઓફર
માત્ર રૂા.૧૫૦૦ ની ખરીદી પર ૧૦% તથા રૂા.૨૫૦૦ ની ખરીદી પર ૨૦% વળતર મેળવો
આ ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ
કિચનવેર તથા પ્લાસ્ટીકવેરની વેરાયટીઓ મળશે
સ્થળ : દુકાન નં.૭૩, સરદાર શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી મો.૬૩૫૪૩ ૫૩૬૫૦

ઉધઇ ન થવાની ૧૦ વર્ષની ગેરેંટી
પેસ્ટ કંટ્રોલર
ઉધઇ થી બચો
આપના મકાન,ફર્નિચર,ટેનામેન્ટ,ઓફિસ તથા મકાનનું બાંધકામ કરતી વખતે ઉધઇની ટ્રીટમેન્ટ કરવા માટે સંપર્ક કરો
ઉધઇ ન થવાની ટ્રીટમેન્ટ ઈન્જેકશન દ્વારા કામકરી આપશુ
ગેરેંટી માટે બીલ બનાવી આપવામાં આવશે.
મયુર મકવાણા : ૬૩૫૩૮ ૬૨૫૮૩

### પ્રશ્નોત્તરી સત્સંગમાં પૂ. શ્રી દિપકભાઇના શ્રીમુખેથી...

# ફક્ત મનુષ્ય ગતિ જ એવી છે કે જેમાં આત્માનું જ્ઞાન મળી શકે છે



## ક્રોધ, માન, માયા, લોભ એ બધાનું મૂળ કારણ અજ્ઞાન પછી બધા કર્મો પૂરા થાય ત્યારે કાયમની મુક્તિ થાય

આપણે મોક્ષમાં ગયા કેવી રીતે ખબર પડે? પ્રશ્નના જવાબમાં સુંદર ઉદાહરણ આપીને પૂજ્યશ્રીએ કહ્યું કે, આપણે ઠેઠ પગથી માથા સુધી દોરડાંથી બંધાયા હોઈએ, તો બંધન છે ખબર પડે કે ના પડે? પછી કોક માણસને કહીએ આ દોરડું કાપી આપ, અને છૂટીએ તો મુક્ત થયા ખબર પડે ને? કોઈ અપમાન કરે, કાઢી મૂકે, ગાળો બોલે કે અક્કલ વગરનો છે એવું કહે, તો દુઃખ થાય? દુઃખ થાય છે તો બંધન છે. અને જ્ઞાન મળી જાય કે આ ચંદુને કહે છે, મને નહીં, તો મુક્તિ થાય. અજ્ઞાનથી બંધન છે, જ્ઞાનથી મુક્તિ થાય. એ પહેલા લેવલની મુક્તિ. પછી બધા કર્મો પૂરા થાય ત્યારે કાયમની મુક્તિ થાય, એ છેલ્લી મુક્તિ.

મનુષ્ય દેહની બહુ મોટી મહત્વતા છે. દેવ ગતિના જીવોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય પણ એમને પ્રાપ્ત ના થાય. નરક ગતિના જીવોને પણ જ્ઞાન ના મળે. ફકત મનુષ્ય ગતિ જ એવી છે જેમાં આત્માનું જ્ઞાન મળી શકે છે પણ ખાવામાં, પીવામાં, ઝઘડવામાં, લક્ષ્મી કમાવામાં બધી ખોટ ખાઈ જાય છે. અનંત અવતાર મનુષ્યપણું મળ્યું છે પણ આત્માનું જ્ઞાન મળ્યું નથી.

ક્રોધ, માન, માયા, લોભ એ બધાનું મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાન કેવી રીતે જાય ? જ્ઞાન મળવાથી. કરે છે કોણ? અને હું કોણ છું? એ જાણવાનું છે.

પોતાની ધારણા પ્રમાણે બધું નથી થતું તેનું ઉદાહરણ આપતા પૂજ્યશ્રીએ કહ્યું કે, દાદાએ એક બેનને શેકેલો પાપડ આપીને એને બરાબર વચ્ચેથી અડધો કાપો. તો ના તોડી શક્યા. એક પાપડ ભાંગવામાં ધાર્યું નથી કરી શકાતું તો બીજી બાબતમાં થઈ શકે? ધાર્યું થતું હોત તો માણસો ચશ્માના નંબર ના આવવા દે, વાળ ધોળા ના થવા દે.

**દાદાએ એક બેનને શેકેલો પાપડ આપીને એને બરાબર વચ્ચેથી અડધો કાપો. તો ના તોડી શક્યા. એક પાપડ ભાંગવામાં ધાર્યું નથી કરી શકાતું તો બીજી બાબતમાં થઈ શકે?**

### આજે સવારે ૮ વાગ્યાથી પૂજન, કિર્તન, ભક્તિ સાથે પરમ પૂજ્ય દાદા ભગવાનના જન્મદિનની ભવ્ય ઉજવણી

# આજે અમરેલીમાં જે માંગો તે મળે એવા અદ્‌ભુત દર્શન

**પરમ પૂજ્ય દાદાશ્રી કહેતા કે વર્ષમાં ત્રણ જ દિવસે દાદા ભગવાન પૂર્ણ સ્વરૂપે પ્રગટ હોય છે**

**સવારે ૮ વાગ્યાથી પરમ પૂજ્ય દાદાશ્રીના પૂજન, કીર્તન, આરતી અને ભક્તિ થશે**

**દર્શન-પુજનમાં હજારો દર્શનાર્થીઓને પૂ. શ્રી દીપકભાઈના દ્રષ્ટિ દર્શનનો લાભ મળશે**



અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અક્રમ માર્ગના પ્રણેતા એવા પરમ પૂજ્ય દાદા ભગવાનની ભવોભવની ભાવના હતી કે પરિણીતોનો મોક્ષ કેમ ના થાય? સંસારીઓ પણ કેમ મોક્ષે ના જઈ શકે? પરમ પૂજ્ય દાદાશ્રીની ભવોભવની ભાવનાના ફળરૂપે આ કળીકાળમાં પૂરા દસ લાખ વર્ષે અક્રમ વિજ્ઞાન પ્રગટ થયું અને મુક્તિનો અક્રમ માર્ગ ખૂલ્યો છે. હાલમાં પરમ પૂજ્ય દાદાશ્રી દીક્ષિત અને પૂજ્ય નીરુમાના આશીર્વાદ પામેલા પૂજ્યશ્રી દીપકભાઈ દાદા ભગવાન ફાઉન્ડેશનનું નૈતૃત્વ સંભાળી રહ્યા છે. તેમની ઉપસ્થિતિમાં અમરેલીના સૌભાગ્યથી પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતિ મહોત્સવ લીલીયા રોડ ઉપર સ્થિત નિષ્પક્ષપાતી ત્રિમંદિરના પ્રાંગણમાં ઉજવાઈ રહ્યો છે. ૨૨ થી ૨૮ નવેમ્બરના આ સાપ્તાહિક મહોત્સવમાં ૨૬ નવેમ્બર સુધી પરમ પૂજ્ય દાદાશ્રીની જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેમાં આજે દર્શન અને પુજનનો અલૌકીક ભવ્ય કાર્યક્રમ યોજાશે.

ક્રમિક માર્ગ એટલે અશુભનો ત્યાગ કરતા કરતા શુભના પગથિયે પગથિયે ચડીને આધ્યાત્મની શ્રેણીઓ સર કરવાનો માર્ગ. જયારે અક્રમ માર્ગ એટલે શુભ અને અશુભથી પર સીધો શુદ્ધમાં મુકામ કરાવતો લિફ્ટ માર્ગ. જેઓ ક્યારેય કોઈના ગુરુ થતા નથી, ઉલટું આખા જગતના શિષ્ય તરીકે રહે છે એવા પરમ પૂજ્ય દાદાશ્રી કહેતા કે વર્ષમાં ત્રણ દિવસે દાદા ભગવાન પૂર્ણ સ્વરૂપે પ્રગટ હોય છે. આ ત્રણમાંથી એક દિવસ એટલે કે પરમ પૂજ્ય દાદા ભગવાનની જન્મજયંતીનો દિવસ. આ દિવસે ફક્ત તેમની દ્રષ્ટિમાં વીતરાગતાના દર્શન કરવાથી બહુ ઊંચું ફળ મળે છે. પરમ પૂજ્ય દાદાશ્રી કહેતાં કે, આ દિવસે દાદા ભગવાન સંપૂર્ણપણે પ્રગટે છે. આ દિવસે તમે જે માંગો તે મળે છે.

પ્રશ્નોનો જવાબ આપતા સત્સંગમાં પૂજ્યશ્રીએ કહ્યું કે, ધર્મમાં માણસનું ઘડતર થાય, વિકાસ થાય. ધર્મની ક્રિયાઓ દિલથી કરીએ તો પુણ્ય બંધાય. અથવા નીતિ, પ્રમાણિકતા, સેવા, દાન બધું કરતા હોઈએ એનાથી પુણ્ય બંધાય. અને પુણ્યનું ફળ સંસારમાં સુખ શાંતિ મળે. જયારે આધ્યાત્મ ધર્મથી ઉપરની વસ્તુ છે. અધ્યાત્મ એટલે અવિનાશીની શોધમાં પડવું. શાશ્વત સુખ શેમાંથી મળે, ક્યાંથી મળે એ શોધમાં પડે છે. કરણ કે, આટલો ધર્મ કર્યો તોય ચિંતા, અશાંતિ, દુઃખ પડે છે, એટલે કંઈક ખૂટે છે. એ ડેવલપમેન્ટ ઊંચું આવ્યું કહેવાય. પછી સમજાય કે સાચું સુખ તો આત્મામાં છે. આ દેહ, દેહના સંબંધો, ઈન્દ્રિય સુખો બધું વિનાશી છે. આત્મા અવિનાશી છે, મારે આત્મા પામવો છે. એવી ભાવના થાય ત્યારથી આધ્યાત્મની શરૂઆત થાય.

જન્મજયંતિના દિવસે એટલે કે, ૨૬ નવેમ્બરના રોજ સવારે ૮ વાગ્યાથી પરમ પૂજ્ય દાદાશ્રીના પૂજન, કીર્તન, આરતી અને ભકિત થશે. ત્યારબાદ હજારો દર્શનાર્થીઓને પોતે જયાં બેઠા હશે ત્યાં પૂજયશ્રી દીપકભાઈના દ્રષ્ટિ દર્શન મળશે. સાંજે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી ભક્તિપદ ગુંજનનો કાર્યક્રમ યોજાશે.

૨૫ લાખ ચોરસ ફૂટમાં પથરાયેલા આ જન્મજયંતિ મહોત્સવના નિમિત્તે પરમ પૂજ્ય દાદા ભગવાને આપેલી અલૌકિક આધ્યાત્મિક અને વ્યવહારિક સમજણને આધુનિક અને મનોરંજક શૈલીમાં રજૂ કરતા થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્કનું પણ અહીં આયોજન થયું છે. પાંચ લાખ ચોરસ ફૂટમાં આવેલું, વિનામૂલ્યે પ્રવેશ આપતો આ મહોત્સવ દરરોજ બપોરે ૪ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી અવિરત ચાલુ રહેશે. જેમાં માન-અહંકાર રૂપી આંતરિક શત્રુ સામે જાગૃત કરતી શોર્ટ ફિલ્મ ‘સાઈરન’, વ્યસનના નુકશાન સમજાવી, તેનાથી મુક્તિનો પ્રેક્ટિકલ માર્ગ દર્શાવતું નુક્કડ નાટક જીવવા દો ને યાર!,

રોબોટીક્સના માધ્યમથી માનવધર્મનો સાચો અર્થ સમજાવતો મનોરંજક શો વિક્રમ વેતાળ અને સાધારણ મનુષ્યથી જ્ઞાનીપુરુષની સફર દર્શાવતો થ્રી-ડી પ્રોજેક્શન મેપિંગ શો ‘એ.એમ. પટેલ ટુ દાદા ભગવાન’નો સમાવેશ થાય છે.

આ મહોત્સવના કાર્યક્રમો ‘દાદા ભગવાન ફાઉન્ડેશન’ ની યુટ્યુબ ચેનલ ઉપર લાઈવ દર્શાવવામાં આવશે.

# અમરેલી માર્કેટ યાર્ડના પુર્વ ચેરમેન સ્વ. બાલાકાકા સેંજલીયાના ધર્મ પત્નીનું નિધન

## સેંજલીયા પરિવાર દ્વારા સ્વ. દમયંતિબાનું ચક્ષુદાન કરાયું



અમરેલી, અમરેલીના વેપારી આગેવાન અને અમરેલી માર્કેટ યાર્ડના પુર્વ ચેરમેન સ્વ. બાલાકાકા સેંજલીયાના ધર્મપત્ની શ્રી દમયંતિબહેનનું ૮૩ વર્ષની વયે નિધન થતા ઘેરા શોકની લાગણી છવાઈ હતી. સેંજલીયા પરિવાર દ્વારા સ્વ. દમયંતિબાનું ચક્ષુદાન કરાયું હતુ જેમને રેડક્રોસ સોસાયટીની સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી શ્રી મેહુલભાઈ વ્યાસ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતુ. સદગતનું બેસણુ સોમવારે તા. ૨૭ના સવારે નવથી સાંજે છ વાગ્યા સુધી તેમના નિવાસસ્થાન અમૃતધારા સોસાયટી શેરી નં. ૩ ચકકરગઢ રોડ અમરેલી ખાતે રાખેલ છે.

### વાહ કયા સીન હૈ..!



**નૈતિક**

મોટી કુંકાવાવ ના પત્રકાર તેમજ ન્યુઝ પેપર એજન્ટ કિર્તીભાઈ જોષી તથા દિપમાલાબેન જોષીના પુત્ર નૈતિકભાઈ નો આ રોજ તા. ૨૬-૧૧ ના રોજ ૧૨ વર્ષ પુરા કરી ૧૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તેમને તેના મોટાપપ્પા શરદભાઈ તેમજ મોટા મમ્મી પ્રફુલાબેન તથા નિરવભાઈ તથા પાર્થભાઈ તેમજ ભાભીઓ ચાંદનીબેન તથા પુજાબેન તેમજ ભત્રીજી નાનકડી વામીકા નૈતિકભાઈના જન્મદિવસની ઉજવણી કરશે.

### પહેલા પાનાનું
### સંવિધાન દિવસ

સરકારી અધિકારીઓ અને કાયદાક્ષેત્રનાં નિષ્ણાંતો દ્વારા ભારતીય બંધારણ દિવસનાં અનુસંધાને યોજાનાર સંવિધાન દિવસનાં કાર્યક્રમ અને સેમીનારમાં ઉપસ્થિત રહેશે. જેમાં સવારનાં ૯ થી ૧૦ આગમન/રજીસ્ટ્રેશન/ચા-કોફી-અલ્પાહાર, ૧૦ થી ૧૦:૦૫ દિપ પ્રાગટ્ય, ૧૦:૦૫ થી ૧૦:૧૫ સ્વાગત પ્રવચન અને મહાનુભાવોનો પરિચય, ૧૦:૧૫ થી ૧૦:૩૫ મહેમાનોનું સ્વાગત, આમુખનું સામુહિક વાંચન, કાર્યક્રમ સત્રમાં ૧૦:૩૫ થી ૧૧:૩૦ આમંત્રિત મહાનુભાવશ્રીનું કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય, ૧૧:૩૦ થી ૧૨:૦૦ વકતાઓનું વકતવ્ય તેમજ ૧૨ થી ૧૨:૩૦ આભાર વિધિ કાર્યક્રમ યોજાશે.

### સુરતમાં ૮ મહિનાની બિમાર બાળકીને ઇન્જેક્શન આપ્યા બાદ મોત

અમરેલીમાં ચિતલ રોડ ઉપર રોકાણ કરવાની સુવર્ણ તક
અમરેલીમાં ચિતલ રોડ, મહિલા સોસાયટી, મેઇન રોડ ટચ
સોનાની લગડી જેવા પ્લોટ વેચવાના છે
ટાઇટલ કલીયર, સબ પ્લોટીંગ સાથે - સંપુર્ણ લોનેબલ પ્લોટ કસમાં વેચવાના છે
એક વસાના તેમજ પોણા વસાના અતિ મોકાના પ્લોટ
નોંધ :- જ્ઞાતીબાદ નથી
સંપર્ક :- રઘુવીર એસ્ટેટ બ્રોકર
લાઠી રોડ, સોમનાથ કોમ્પલેક્ષ, પહેલો માળ, દુકાન નં.૩, અમરેલી
મો. ૬૩૫૨૦ ૨૧૬૯૧ - ૭૦૧૬૮ ૫૩૭૪૦

TVS
આ તહેવારોમાં ઘરે લઇ આવો તમારૂ મનપસંદ ટીવીએસ ટુ - વ્હીલર
XL 100 કેશ બોનસ ₹ 1500
SPORT કેશ બોનસ ₹ 2200
દિવાળી મહાધમાકા ઓફર
JUPITER (SMW) કેશ બોનસ ₹ 1500
RADEON કેશ બોનસ ₹ 2200
ટીવીએસની સાથે કરો નવા વર્ષની શુભ શરૂઆત...
આજે જ ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે પધારો અમારા શો રૂમ પર
સૌથી ઓછુ ડાઉન પેમેન્ટ ● તત્કાલ લોન ● સરળ ડોક્યુમેન્ટ
આપના બજેટ મુજબ તથા પસંદગીના કલરમાં ઉપલબ્ધ
સેલ્સ સર્વિસ પાર્ટસ
ઓથોરાઇઝ્ડ ડીલર
શ્યામ ટીવીએસ
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી
મો. ૮૯૫૮૯ ૮૯૭૮૯

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
BAJAJ
‘‘માઇલેજનો મહારથી’’
ટુ વ્હીલર
CT 110
Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ
85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

દુનિયાનો સૌથી સસ્તો 4G ફોન
JioBharat 4G digital life
હવે મેળવો જીયો ભારત ફોન
₹999 Only
માત્ર Rs.999/- માં
: લીમીટેડ સ્ટોક :
૧ મહિના માટે...
Rs.999 + 123 = Rs. 1122/-
૧ વર્ષ માટે...
Rs.999 + 1234 = Rs. 2233/-
Vi, Idea, Airtel, BSNL નંબરને જીયો ફોનમાં ચાલુ કરી આપીશું.
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો...
ઓથો Jio ડિસ્ટ્રીબ્યુટર્સ
તેજસ ટેલીકોમ
લક્ષ્મીનારાયણ મંદીરની બાજુમાં, અવધ ડેરીફાર્મ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૭૧૪૦ ૪૦૯૪૦
બ્રાન્ચ તેજસ ટેલીકોમ
કહાનકુંજ પાસે, સરદાર ચોક, અમરેલી.

॥ માતૃકૃપા ॥
પંજાબી
ચાઇનીઝ
ગુજરાતી
કાઠીયાવાડી
દાલ - બાટી બુધ - ગુરૂ
દરરોજ બપોરે ગુજરાતી થાળી ફક્ત રૂા.૯૯/- માં
દરરોજ રાત્રે કાઠીયાવાડી થાળી ફક્ત રૂા.૯૯/- માં મળશે
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે - પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ગણેશ ફેમેલી રેસ્ટોરન્ટ
ધ્રુવભાઇ મો.૯૪૨૯૮ ૮૯૯૮૫ - વિરાજભાઇ મો.૯૪૨૮૮ ૬૬૧૨૬
એરિકભાઇ મો.૯૮૨૫૪ ૯૭૫૪૭
કેરીયા રોડ, બાયપાસ, કોન સર્કલ પાસે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઇપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
કલાપી બેન્કવેટ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ ‘રાજકમલ ચોક’
લોકાલીટીમાં આવેલ ‘રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ’ ખાતે
● લગ્ન માટે સંગીત-સંધ્યા ● ચાંદલાવીધી ● રીસેપ્શન ● બર્થ-ડે-પાર્ટી ● શ્રીમંતવીધી ● ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ ● માતાજીના ભજન ● ડાયરો મુંડન-સંસ્કાર ● નાટક ● સ્કુલ એન્યુઅલ ફંકશન ● કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ ● એવોર્ડ ફંકશન ● બેસણું ● પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૧૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
અક્ષય પટેલ મો.૭૦૯૯૦ ૪૧૦૦૮
www.shyamcaterers.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીશેપ્સન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
SHYAM Caterers
શ્યામ કેટરર્સ
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

આપના આંગણે આવતા શુભ પ્રસંગો માટે સુવર્ણ અલંકારો ખરીદવા માટેનું સર્વશ્રેષ્ઠ...
કલકતી, એન્ટીક, રોઝ ગોલ્ડ, જડતર, તથા લાઇટ વેઇટ ડાયમંડ જવેલરી...
સોના-ચાંદીના દાગીના તથા ૧ ગ્રામ ફોમીંગ જવેલરીની વિશાળ રેન્જ મેળવવા માટે અમારા નવ નિર્માણ શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
વર્ષોથી વિશ્વાસની પરંપરા સાથે...
એમ. વિઠલદાસ જવેલર્સ
(શેડુભારવાળા)
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી. ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૬૩૫
મો. ૯૯૦૯૩ ૯૬૬૦૦, ૯૯૯૮૫ ૧૪૩૦૧.

essilor fastrack Ray-Ban ZEISS
Kodak CLARITY
ઠંડા ગોગલ્સ | પુમા | સનગ્લાસ | કાર્ટીયર | ટેગ ઓવર
દરેક બ્રાન્ડેડ કંપનીના ચશ્મા તેમજ કોન્ટેક લેન્સ બનાવનાર અરજન્ટ ચશ્મા બનાવનાર
ડો. સાહેબની સલાહ મુજબના નંબરવાળા ચશ્મા બનાવનાર
સમીર ચશ્મા ઘર
મોટા બસ સ્ટેન્ડ સામે, પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એઇમ્સ હોસ્પિટલ (જીવનધારા) પાસે, અમરેલી
ડ્રાઇવીંગ લાઇસન્સ તથા દરેક આઇકાર્ડ, યુનિકકાર્ડ, ચુંટણીકાર્ડ, ડુપ્લીકેટ બનાવનાર
મો.૯૪૨૮૭ ૦૭૪૧૭, ૭૩૮૩૪ ૫૧૯૭૧

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૬-૧૧-૨૦૨૩ રવિવાર

# શિક્ષણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં કોઈ આપણા દેશમાં કોઈને હવે કેમ રસ નથી?

થોડા દિવસ પહેલા કેન્દ્રના પ્રધાને કહ્યું કે જુનિયર કે. જી. કક્ષાના બાળકોની લાખ-લાખ રૂપિયા ફી છે. બહુ મહેનત કરીને સરકારે એ વાત ઠારી. રાજ્ય કે કેન્દ્ર સરકારને હાલક ડોલક થઈ રહેલા વિદ્યાક્ષેત્રની વર્તમાન વિકટકાલીન નીતિ સ્પષ્ટ રીતે ઘડી આપવામાં કોઈ રસ નથી. એટલે વાલીઓ અને વિદ્યાર્થી નેતાઓ, તમામ સંચાલકો એમના જાણે કે શત્રુ હોય એવા વિધાનો તરતા મૂકી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં કોલેજો બે પ્રકારની છે, સેલ્ફ ફાઈનાન્સ એટલે કે સ્વનિર્ભર અને ગ્રાન્ટ ઈન એઈડ એટલે કે સંપૂર્ણ સરકારી ગ્રાન્ટના પૈસા પર ચાલતી અનુદાનિત કોલેજ.

નવું શૈક્ષણિક સત્ર કેલેન્ડરના ફરફરતા પાના સાથે પુરપાટ ગતિએ હવે ઉંબરે આવીને ઊભું છે. અત્યારે જે વિદ્યાર્થી આવી સરકારી અનુદાનિત કોલેજમાં એડમિશન લેવા જાય એને એ સંસ્થાના ક્લાર્ક કહે છે કે ફોર્મ ભરો અને મેરીટ લિસ્ટમાં નામ આવે ત્યારે ફી ભરી દેજો. રાજ્ય સરકાર તરફથી ફી અંગે એમને કોઈ નવું માર્ગદર્શન આપવામાં આવ્યું નથી. એની સામે સ્વનિર્ભર કોલેજો એડમિશન આપતી વખતે સ્પષ્ટ કહે છે કે અનુકૂળતા પ્રમાણે હપ્તાવાર ફી ભરી દેજો.

સ્વનિર્ભરની તુલનામાં સરકારી અનુદાનિત કોલેજોની ફી ઓછી હોય છે પરંતુ તેમાં ભણતા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક ક્ષમતા કેળવી શકતા નથી. એટલે કે એ સંસ્થાઓની મર્યાદા ઓળંગી જવા માટે જ સ્વનિર્ભર સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. સંસ્થા ચલાવવા માટેના જે નિયમો સરકાર સ્વનિર્ભર માટે રાખે છે એ નિયમોનું સરકારી અનુદાનિત કે સરકારની પોતાની કોલેજોમાં પાલન થાય છે ખરું ? બિલકુલ નહિ. કારણ કે હાથીના ચાવવાના દાંતનો લાભ અનુદાનિત કોલેજોને મળે છે જે કરોડોની ગ્રાન્ટ ચાવી જાય છે અને બતાવવાના દાંત સ્વનિર્ભરને સરકારના દંતશૂળ જેમ ભોંકાય છે. બહુત બેઈન્સાફી હૈ યે ! રાજ્યના કોઈ પણ શિક્ષણપ્રધાન હાલતા ને ચાલતા સ્વનિર્ભર સંસ્થાઓ માટે ઉટપટાંગ નિયમો તરંગોની જેમ રજૂ કરતા રહે છે પરંતુ તેઓ તેમના સત્તાકાળ દરમિયાન સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓ વિશે તો સદાય મૌન પાળે છે.

સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો કન્સેપ્ટ આપણે ત્યાં ઈ. સ. ૧૯૯૭-૯૮ ના વરસો દરમિયાન આવ્યો જ્યારે આનંદીબેન પટેલ શિક્ષણ પ્રધાન હતા. આ કન્સેપ્ટને અને સરકારી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોને કોઈ લેવાદેવા ન હતા. પરંતુ પછીથી સરકારી ગ્રાન્ટ લેતી એટલે કે અનુદાનિત કોલેજોએ પણ ગેરકાયદે સ્વનિર્ભર ક્ષેત્રમાં ઝંપલાવ્યું. આજે રાજ્યની મોટાભાગની અનુદાનિત કોલેજોમાં પાર વિનાના સેલ્ફ ફાઈનાન્સ વર્ગો ચાલે છે. સરકારી ગ્રાન્ટથી તૈયાર થયેલી સાધન સંપન્નતા પર જ તેઓ સેલ્ફ ફાઈનાન્સ ચલાવે છે. આને કારણે ગુજરાતના શિક્ષણ જગતમાં અનુદાનિત અને સ્વનિર્ભરની અજાયબ રીતે વઘારેલી ખિચડી થઈ ગઈ છે. સરકાર ખુદ સંદિગ્ધતાનો ભોગ બની ગઈ હોવાને કારણે ખરેખર તો ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓનો જ વ્યાપારિક ચહેરો છતો થયો છે.

રાજ્યની મોટાભાગની અનુદાનિત કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને માળખાકીય સુવિધા વચ્ચે મેળ નથી. એટલે કે જો કોઈ દિવસ બધા જ વિદ્યાર્થીઓ હાજર રહે તો અરધાએ તો મેદાનમાં બેસીને ભણવું પડે. પાર્કિંગ, સેનિટેશન, લાયબ્રેરી, સ્ટાફ આ બધાની પુનઃ તપાસ જરૂરી છે. ખરેખર તો અનુદાનિત કોલેજોએ ચિક્કાર પગાર અને સહાયક ભંડોળ લઈને જે વેઠ ઉતારી, એને કારણે જ નવા સ્વનિર્ભર વડલાઓ ઊભા થયા જેનો છાંયો અધિક અને શીતળ હોવાથી પ્રજા એ તરફ દોડી ગઈ. હવે રાજ્ય સરકારની નીતિ એ વડલાઓ પર કરવત ફેરવવાની છે. એટલે દરેક થોડા થોડા દિવસે તેઓ ફૂંક મારીને વાલીઓ અને સ્વનિર્ભર સંચાલકો વચ્ચે બર્લિનની નવી દીવાલ ચણી રહ્યા છે. એને કારણે ગંભીર પરિસ્થિતિ એ સર્જાઈ છે કે રાજ્યના હજારો વિદ્યાર્થીઓ એડમિશન પ્રક્રિયા પરત્વે આ વરસે નિષ્ક્રિય રહી શકે છે અને રમત રમતમાં તેમના હાથમાંથી વરસ સરી જઈ શકે છે.

કોરોના વખતે કેન્યાની સરકારે એના દેશમાં એક શૈક્ષણિક વરસ સસ્પેન્ડ કરી દીધું હતું. આપણે ત્યાં તો ઓનલાઇન શિક્ષણ કાર્ય શરૂ હતું. તેમ છતાં વાલીઓ અને વિદ્યાર્થીઓનો મોટો વર્ગ અસમંજસમાં હતો. રાજ્ય સરકારે સંચાલકો અને વાલીઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરીને સત્ર, પરીક્ષા, શૈક્ષણિક ફી, ડિજિટલ વર્ગ શિક્ષણકાર્ય અને પરીક્ષણ-મૂલ્યાંકનની અભિનવ, અનિવાર્ય નૂતન પ્રણાલિકા અંગે સાર્વત્રિક યુનિફોર્મિટી જળવાય એ રીતે પોલિસી સ્પષ્ટ કરવાની તાતી જરૂર હતી પણ સરકાર એમ કરી શકી નહોતી. આ કામ ખરેખર તો મહામહિમ્ન કુલાધિપતિ અને કુલપતિઓનું છે પરંતુ તેઓ સયયના વિફરેલા વહેણને ઓળખવામાં થાપ ખાઈ ગયા છે એટલે રાજ્ય સરકારે જ તૂતક પર ચડીને સુકાન સંભાળી આખા વિદ્યાજહાજને સાંયોગિક વમળમાંથી બહાર લાવવાનું રહે છે. સારસ્વત ક્ષેત્રમાં એક સૂર અને એક તાલ હોય તો લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યનો રોડમેપ ફરી સુઘડ અને સ્વયંસ્પષ્ટ નીવડે. એડમિશનની સિઝન પહેલા સરકારે ફી અંગેના નિયમનો, ધોરણો સ્પષ્ટ કરવાની જરૂર છે.

# અમરેલી જિલ્લા ભાજપ અનુ. જાતી મોરચા દ્વારા ગૌરવ દિવસ યાત્રા યોજાશે

## આજે સાવરકુંડલા રિધ્ધી-સિધ્ધી ચોક ખાતે આયોજન : સાંસદશ્રી કાછડીયાની ઉપસ્થિતિ

અમરેલી, ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આપવામાં આવેલ કાર્યક્રમ અન્વયે તા. ૨૬ નવેમ્બર ૨૦૨૩ને રવિવારના દિવસે સવારે ૧૦:૦૦ કલાકે સાવરકુંડલા રિદ્ધિ સિદ્ધિ ચોક થી ધનાબાપા આશ્રમ સુધી સંવિધાન ગૌરવ દિવસ યાત્રાનું આયોજન કરેલ છે, આ યાત્રા રીધીસીધી ચોક થી નદી બજારમાં થઈ અમરેલી રોડ ઉપર થઈ મારુતિ નગરમાં ધનાબાપા આશ્રમમાં સભાના રૂપમાં ફેરવાશે, આ યાત્રામાં સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, વિધાનસભા મુખ્ય ઉપદંડક અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી અને સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ધારી બગસરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી જે. વી. કાકડિયા, અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી રાજુભાઈ કાબરીયા, મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી લોકસભા મોરચાના પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ જાદવ, અમરેલી જિલ્લા મોરચાના પ્રભારી શ્રી હરેશભાઈ વાઢેર, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદી વિગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપવાના છે તો આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતે મોરચાના તમામ નાના-મોટા સૌ કાર્યકર્તાઓને ઉમટી પડવા કેશુભાઈ વાઘેલા પ્રમુખશ્રી, વાલજીભાઈ વિંઝુડા મહામંત્રીશ્રી, સંદીપભાઈ સોલંકી મહામંત્રી શ્રી અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા જણાવાયું છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૬ .૧૧.૨૦૨૩ રવિવાર ,સંવંત ૨૦૮૦, કારતક સુદ ચતુર્દશી, ભરણી નક્ષત્ર, પરિઘ યોગ, વિષ્ટિ કરણ આજે સાંજે ૭.૫૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

### શુક્ર સ્વગૃહી થાય ત્યારે લક્ષ્મી સાધના વિશેષ ફળદાયી નીવડે છે

ધનસંપંત્તિ અને વૈભવને શુક્ર ગ્રહ સાથે સીધો સંબંધ છે, ગોચરમાં જયારે શુક્ર મહારાજ સ્વગૃહી થાય ત્યારે લક્ષ્મી સાધના વિશેષ ફળદાયી નીવડે છે આ સમયમાં માં લક્ષ્મીની સાધના કરવાથી ધનસંપત્તિ વૈભવ પ્રાપ્ત કરી શકાય છે. આ વર્ષે ૨૯ નવેમ્બર થી ૨૫ ડિસેમ્બર વચ્ચે શુક્ર તુલામાં છે માટે આ સમયમાં શ્રીસૂક્તના પાઠ, કનાકધારા સ્તોત્રના પાઠ (સાધનાની વિગતો પુસ્તક સાધનાથી સમૃદ્ધિ તરફમાં આપેલ છે) અને શુક્ર મંત્ર કરવાથી તથા કુંવરકા બાળાઓને જમાડવાથી વિશેષ લાભ થાય છે.તા. ૨૯ નવેમ્બરના રોજ કલા- શૃંગાર, ભોગ-





વિલાસના સ્વામી શુક્ર તુલામાં સ્વગૃહી બને છે જે જીવન જીવવાનો નવો વૈભવ પૂરો પાડે છે. કન્યા રાશિમાં કેતુ સાથે યુતિ પૂર્ણ થયા બાદ તુલામાં તે પોતાની રીતે પોતાની કલા બતાવી શકે છે માટે આ પખવાડિયું કલા, કલાકારો, સીનેજગત, સંગીત, નૃત્ય, પેઈન્ટિંગ, ફેશન બિઝનેસ, શો બિઝનેસના નામે રહેશે. આ સમયમાં લકસરીએસ કારનું વેચાણ પણ સારું રહેશે વળી લોકો વધુ વૈભવી મકાન અને ફ્લેટ પર પસંદગી ઉતારતા જોવા મળશે. તુલાએ લગ્નની રાશિ છે વળી લગ્નની સીઝન પણ શરુ થઈ રહી છે જેથી આ સમયમાં ચર્ચામાં રહે તેવા વૈભવી લગ્નો થતા જોવા મળશે. જીવનમાં તમામ ઐશ્વર્ય પ્રાપ્ત કરવા માટે શુક્ર મહારાજની કૃપા આવશ્યક છે માટે આ સમયમાં શક્ય તેટલી શુક્ર અને લક્ષ્મી પૂજા કરી શકાય!

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે,કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો,થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્તિ કરી શકો.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે,ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને છે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના કારોબારી સભ્ય તરીકે બકુલ પંડયા, નિલેશ જાનીની વરણી

## બ્રહ્મસમાજનાં નવા કારોબારી સદસ્યપદે વરણીને સર્વત્ર આવકાર સાથે શુભકામનાઓનો ધોધ



અમરેલી,
સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના હોદેદારોની બિનહરીફ વરણી કરાતા પ્રમુખ તરીકે શ્રી મુકુંદભાઈ મહેતા અને મહામંત્રી ભગીરથભાઈ ત્રિવેદીની બિનહરીફ વરણી કરવામાં આવી છે જયારે સૌરાષ્ટ્ર - કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના કારોબારી સભ્ય તરીકે આગમન દૈનિકના તંત્રી અને ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ ના સ્થાપક ટ્રસ્ટી તથા બાર કાઉન્સીલ ના સભ્ય બકુલભાઈ પંડયાની વરણી કરવામાં આવી છે. તેમજ ઉપપ્રમુખપદે નરૂભાઈ ત્રિવેદી, બાબરા, પરાગભાઈ ત્રિવેદી સાવરકુંડલા, કિશોરભાઈ ભટ્ટ દામનગર, અંબરીષભાઈ જોષી ખાંભા, સિધ્ધાર્થભાઈ ઠાકર અમરેલી, રાજનભાઈ જાની અમરેલી, રોહીતભાઈ મહેતા અમરેલી, મંત્રીપદે દુષ્યંતભાઈ ભટ્ટ રાજુલા, વેણીશંકરભાઈ ધાંધીયા બગસરા, દિવ્યકંતભાઈ જોષી સાવરકુંડલા, ડો. કિર્તીભાઈ બોરીસાગર ખાંભા, ડો. મુકેશભાઈ ત્રિવેદી લાઠી, અશ્વિનભાઈ મહેતા વડીયા અને સહમંત્રીપદે નરેશભાઈ મહેતા અમરેલી, પંકજભાઈ ઈંદ્રોડીયા બાબરા, જયેશભાઈ ઠાકર જાફરાબાદ, મલયભાઈ મહેતા અમરેલી, ધવલભાઈ ઠાકર અમરેલી, લલીતભાઈ મહેતા ચલાલા અને સંગઠન મંત્રીપદે આનંદભાઈ ભટ્ટ, સાહસભાઈ ઉપાધ્યાય, હસુભાઈ રાજયગુરૂ, સંદીપભાઈ પંડયા, મુકેશભાઈ તેરૈયા તેમજ કોષાધ્યક્ષ તરીકે સંજયભાઈ જોષી, સહ કોષાધ્યક્ષ પદે સુનીલભાઈ રાજયગુરૂ અને જિલ્લા મહિલા પાંખમાં પ્રમુખપદે નયનાબેન આચાર્ય, મહામંત્રીપદે કાશ્મીરાબેન વ્યાસ, કિરણબેન ત્રિવેદી અમરેલી શહેર મહિલા પાંખના પ્રમુખપદને કલ્પનાબેન જાની મહામંત્રી પદે ક્ષમાબેન જાની, જલ્પાબેન ત્રિવેદી અમરેલી જિલ્લા યુવા પાંખમાં પ્રમુખપદે તેજસ ત્રિવેદી, મહામંત્રી ઉમંગભાઈ ત્રિવેદી, કનકભાઈ જાની, અમરેલી શહેર યુવા પાંખમાં પ્રમુખપદે રાજનભાઈ જાની, મહામંત્રી સંદીપભાઈ ત્રીવેદી, રઘુભાઈ ભટ્ટ, અને કાર્યાલય મંત્રી ઘનશ્યામદાદા જોષી, પ્રકાશભાઈ આચાર્યની વરણી કરવામાં આવી છે. ત્યારે સમગ્ર ટીમેને સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ ઉદયનભાઈ ત્રિવેદીએ વરણીને આવકારેલ છે.

# ધારી નજીક છતડીયા નવાગામની સીમમાં વાડીમાંથી રોટાવેટર ચોરાયું

## રૂપીયા સવા લાખની કિંમતનું રોટાવેટર કોઈ વાહન લઈ આવી ચોરી ગયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ધારી તાલુકાના છતડીયા નવાગામ જવાના રસ્તે જયંતિભાઈ ચોવડીયાની વાડીએ ખુલ્લામાં રાખેલ ટ્રેકટરનું રોટાવેટર શકિતમાન કંપનીનું રૂ/-૧,૨૧,૫૦૦ ની કિંમતનું કોઈ શખ્સો લોખંડના ગેઈટ પર મારેલ તાળું તોડી વાહન લઈને વાડીમાં પ્રવેશી રોટાવેટરની ચોરી કરી ગયાની ભાગવી રાખેલ વાડીના બીજલભાઈ હીરાભાઈ બાંભણીયાએ ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરાના નીલવડા રોડે મેલડી માતાના મંદિરે ગોડાઉનમાંથી આઠ બકરા ચોરાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
બાબરા તાલુકાના નીલવડા રોડ મેલડી માતાજીના મંદિરે આવેલ ગૌશાળા પાસેના લોખંડના પતરાવાળા શેડમાં બાંધેલ ૮ બકરા રૂ/-૨૪,૦૦૦ ની કિંમતના કોઈ અજાણ્યા શખ્સો શેડની દિવાલ તોડી અંદર પ્રવેશી વાહન લઈ જઈ બકરા ચોરી ગયાની રાજેશભાઈ જયંતિભાઈ જેઠવાએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સમઢીયાળા -૧ ગામે વૃધ્ધા સહિત પુત્રવધુ અને પૌત્રી ઉપર હુમલો

## સાત શખ્સોએ કુહાડી અને મુંઢમાર મારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના સમઢીયાળા -૧ ગામે રાજીબેન નારણભાઈ ચૌહાણ ઉ.વ. ૯૦ ના પૌત્રના પ્રેમ લગ્ન ચારેક વર્ષ પહેલા પટવા ગામના મનજીભાઈ હરીભાઈની દિકરી સાથે થયેલ હતા.

જે વાતનું મનદુખ રાખી મનજી હરીભાઈ ગુજરીયા , રૂખડ કાળુભાઈ મકવાણા, શૈલેષ રૂખડભાઈ મકવાણાએ તા. ૨૩-૧૧ ના રાત્રિના ૭:૩૦ કલાકે રાજીબેનના ઘરે જઈ ગાળો બોલી તેમના પુત્રવધુ તથા પૌત્રીને મુંઢમાર મારી પછાડી દઈ રાજીબેનને મનજી હરીભાઈ ગુજરીયાએ જમણા હાથે કુહાડી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી પ્રતાપ મનજીભાઈ ગુજરીયા, ધનજી મનજીભાઈ ગુજરીયા , ધનીબેન રૂખડભાઈ મકવાણા, બાઘા લખમણભાઈ બારૈયાએ ઘરે આવી બોલાચાલી કરી ગાળો બોલી ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યાની મરીન પીપાવાવ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## છેલ્લા પાનાનું
## પેન કંપની

વિસ્તારોમાં ખેડાણ કર્યુ હતું આજે પણ તેઓ ત્યા વસી રહયા છે ઈન્ડીયન મેમરી પ્રોજેકટમાં મુંબઈના શ્રી પુર્વી સંઘવી લીખીત એક લેખમાં આપણા બંધારણની ઘટનામાં એમના પરિવારના યોગદાનનું વર્ણન કરાયું છે અને આજે ભારતના બંધારણનો દિવસ છે તેથી અવધ ટાઈમ્સના વાંચકો સમક્ષ એ ઘટનાને આપણે જાણીએ અને તાજી કરીએ.

એ તો સૌને ખબર છે કે અમરેલી વડોદરા રાજયમાં આવતુ હતુ અને ભારતના બંધારણના ઘડવૈયા શ્રી બાબા સાહેબ આંબેડકર ગાયકવાડ સરકારની સ્કોલરશીપથી ભણ્યા હતા એ રીતે અમરેલીનું એ પ્રકારે પણ શ્રી બાબા સાહેબ સાથે જોડાણ હતુ જ પણ જે બંધારણ લખાયું હતુ તેમાં વપરાયેલી વિલ્સન પેન નામની કંપનીના માલીક રાજુલાના વતની એવા સ્વ. દ્વારકાદાસ જીવણલાલ સંઘવી પરિવાર હતો.

આ અંગે પૂર્વી સંઘવીએ એ આર્ટીકલમાં લખ્યું છે કે, આ ચિત્ર મારા દાદા દ્વારકાદાસ જીવણલાલ સંઘવી અને તેમના ભાઈ વલ્લભદાસ જીવણલાલ સંઘવીનું તેમના બિઝનેસ પાર્ટનર્સ સાથે ૧૯૫૧ ની આસપાસ બોમ્બેમાં પેન એક્ઝિબિશનમાં છે.મારા દાદા દ્વારકાદાસ જીવણલાલ સંઘવીનો જન્મ ગુજરાતના રાજુલામાં ૧૭ સપ્ટેમ્બર, ૧૯૧ ઉના રોજ એક ગરીબ પરિવારમાં થયો હતો. તેઓ આઠ વર્ષની આસપાસ હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું અને તેમની માતા અમૃતબેન તેમને ઉછેરવાનું પોસાય તેમ ન હોવાથી તેમને બાલાશ્રમ (બાળગૃહ)માં મોકલવામાં આવ્યા. તે માત્ર ૪ ધોરણ સુધી જ ભણી શક્યા. ૧૩ વર્ષની ઉંમરે તેઓ તેમના મોટા ભાઈ વલ્લભદાસ જીવણલાલ સંઘવી સાથે જોડાવા રંગૂન, બર્મામાં ગયા હતા, જેઓ ત્યાં કટલરી અને રસોડાના વાસણો વેચતા જનરલ સ્ટોરમાં કામ કરવા માટે ગયા હતા. એક યુવાન કિશોર તરીકે, મારા દાદા રંગૂનમાં બાળકોની સંભાળ રાખીને થોડા પૈસા કમાતા.ટૂંક સમયમાં જ સાહસિક ભાઈઓએ વેપારીઓ પાસેથી ફાઉન્ટન પેન ખરીદવાનું શરૂ કર્યું અને રંગૂનના ફૂટપાથ પર વેચીને નજીવો નફો મેળવ્યો. દરમિયાન આખું કુટુંબ (તેમની માતા અને બહેનો) પણ મારા દાદાની નવી પત્ની સહિત રંગૂન રહેવા ગયા, ૨૩ વર્ષની ઉંમરે લગ્ન કરવા ગુજરાત પાછા ફર્યા હતા....તેઓ વલસાડ, ગુજરાત અને પછી બોમ્બે ગયા. બોમ્બેમાં, દ્વારકાદાસ અને તેમના ભાઈ વલ્લભદાસે દાદર પશ્ચિમમાં કસ્તુરચંદ મિલ કમ્પાઉન્ડમાં એક નાનકડા શેડમાં લેથ મશીનનું રોકાણ કર્યું અને તેની સ્થાપના કરી અને પેનના મોટા ભાગના ભાગો જાતે બનાવવાનું શરૂ કર્યું. મને લાગે છે કે ધીરજ મેન્યુફેક્ચરિંગ મારા દાદા-કાકા વલ્લભદાસનું સાહસ હતું પરંતુ બંને કંપનીઓ વિલ્સનમાં પણ વેપાર કરતી હતી.શરૂઆતમાં, સીતા એન્ડ સિટીના બ્રાન્ડ નામો હેઠળ, નિબ્સની આયાત યુએસએથી કરવામાં આવી હતી. જો કે, એક ભૂલ તરીકે સપ્લાયરએ તેમને તેના બદલે વિલ્સન નામનું નિબ્સનું બોક્સ મોકલ્યું. કન્સાઈનમેન્ટ પરત મોકલવામાં યુદ્ધ એક મોટો અવરોધ હતો તેથી તેમની પાસે પરત ન કરી શકાય તેવી નિબ વડે પેન બનાવવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. આખી પેનનું વિલ્સન તરીકે પુનઃબ્રાંડેડ કરવામાં આવ્યું હતું, પેન તેમની અપેક્ષા કરતાં ઘણી સારી રીતે વેચાઈ હતી અને ફરીથી બીજું ભૂલભરેલું નામ જાળવી રાખવામાં આવ્યું હતું...

વિલ્સન પેન્સ ઝડપથી પ્રસિદ્ધિ પામી અને સમગ્ર દેશમાં પેનની પસંદગીની પસંદગી બની. તમામ સરકારી કચેરીઓ, કાયદાની અદાલત, વિલ્સન પેનનો ઉપયોગ કરતી હતી. શાળામાં પણ શિક્ષકો અમને ભેટ તરીકે વિલ્સન પેન માગતા. ચિપ્પી ચાલ એ હોલસેલ ઓફિસ હતી જેની મુલાકાત દેશભરના સેલ્સમેનોએ લીધી હતી જેઓ વાટાઘાટો કરવા અને પેન અને અન્ય વિલ્સન સ્ટેશનરી ખરીદવા આવતા હતા. ટૂંક સમયમાં પેન પણ ઘણા દેશોમાં નિકાસ કરવામાં આવી હતી.

પણ સમયાંતરે હડતાલઓએ અમારા વ્યવસાયોને સંપૂર્ણપણે તોડી નાખ્યા અને મારા દાદા અને પિતા પાસે ફરીથી બધું બંધ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. છેલ્લું પાનખર એટલું મુશ્કેલ હતું કે મારા પિતા અને દાદા પોતાનામાં ફરીથી બધું શરૂ કરવાની હિંમત શોધી શક્યા ન હતા.તેમના જીવનના અંત સુધી, દ્વારકાદાસે તેમનો મોટાભાગનો સમય ઘરમાં વિતાવ્યો હતો. તે લાંબા સમયથી ખૂબ શિક્ષિત ન હોવાનો ઊંડો અફસોસ કરતા હતા તેથી તેમની સ્વૈચ્છિક નિવૃત્તિ સમયે તેમણે શિક્ષણ માટે ઘણા પૈસા દાનમાં આપ્યા. તેમણે લગભગ ચારથી પાંચ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી અને ભંડોળ પૂરું પાડ્યું. ડીજે સંઘવી એન્જિનિયરિંગ કોલેજ, વિલે પાર્લે (મુંબઈ), અમૃતબેન જીવનલાલ કોલેજ ફ કોમર્સ (અગાઉ મીઠીભાઈ કોલેજનો એક ભાગ) મુંબઈમાં પણ, ગુજરાતના રાજુલામાં જીવણલાલ આનંદજી હાઈસ્કૂલ અને અમરેલી જિલ્લામાં નજીકની અન્ય એક શાળા. ૨૦૦૨ માં, ભારતમાં પેન્સના પ્રણેતા, મારા દાદા દ્વારકાદાસનું અવસાન થયું.વિલ્સન વિશેની કેટલીક રસપ્રદ કૌટુંબિક વાર્તાઓમાં, ખાસ કરીને મને સૌથી વધુ ગર્વ અનુભવે છે તે એ છે કે જ્યારે મેં જાણ્યું કે અમે વિલ્સન પેન ફેમિલીએ છીએ, નારંગી, જાડા-નિબવાળી પેન બનાવી છે જેણે ભારતના રાજ્યને વ્યાખ્યાયિત કરતા સૌથી મૂળભૂત દસ્તાવેજ લખ્યા છેઃ ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા લખાયેલ ભારતનું બંધારણ. બાદમાં અનેક સ્ત્રોતો દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી હતી. મને ખાતરી છે કે તે મારા દાદાને ખૂબ જ ખુશ અને ખૂબ જ ગર્વ અનુભવે છે.

## છેલ્લા પાનાનું
## જળઉત્સવ

સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. ૧૫ મી નવેમ્બર થી આરંભ થયેલો જળઉત્સવ આજે ૨૫મી નવેમ્બરના રોજ સમાપ્ત થયો હતો.

લાઠી તાલુકાના દુધાળા ખાતે સવજીભાઈ ધોળકિયાના વિશાળ અને નયનરમ્ય ફાર્મ' હેતની હવેલી' ખાતે આયોજિત કાર્યક્રમમાં બોલતા કેન્દ્રીય રાજ્ય કક્ષાના વનપર્યાવરણ અને ગ્રાહકોની બાબતના મંત્રી શ્રી અશ્વિનીકુમાર ચૌબેજીએ જણાવ્યું કે પ્રકૃતિનો આનંદદાયક હોય છે પરંતુ તેને બચાવવી એ પણ આપણું પ્રાથમિક કર્તવ્ય છે. સવજીભાઈએ આટલું ભગીરથ અને વિશાળ કાર્ય કરીને અનેક લોકોના જીવનમાં પ્રાણ પીરવાનું કામ કર્યું છે. ખારાપાટની આ બંજર જમીનને નવજીવન આપીને સવજીભાઈએ જીવઝ જીવી લીધું ગણાય.શ્રી અશ્વિનીકુમાર ચૌબેજીએ પુનઃ આવવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

સ્વાગત પ્રવચન શ્રી બ્રિજેશ ધોળકિયાએ કર્યું હતું. સવજીભાઈ ધોળકિયાએ પોતાના પ્રવચનમાં કહ્યું કે આ કાર્યક્રમ વોટર વિલેજમાં યોજીને જળઉત્સવના રૂપમાં આપણે ૧૭ હજાર જેટલાં લોકોને આકર્ષી શક્યા છીએ. આવતા દિવસોમાં જળ એ જીવન છે એ સૂત્રને સાર્થક કરવા અનેક પ્રકારના કાર્યક્રમોનું આગામી સમયમાં આપણે વિશેષ આયોજન કરીને સમગ્ર વિસ્તારને, ગ્રામજગતને મજબૂત બનાવવાનો સંકલ્પ કરીએ છીએ.આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી,સાંસદ નારણભાઈ કાછડીયા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## યુએમએન ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિની પાંચમી આવૃતિ

# હાર્દિક દવેનાં ફોક સુફી ફ્યુઝન પરફોર્મન્સથી પ્રારંભ

## ૫૦ વિઝ્યુઅલ આર્ટ સ્ટોરી તેમના મુળ સ્વરૂપ સાથે પ્રદર્શિત કરવામાં આવી



અમદાવાદ, (રાજેશ મહેતા) ટોરેન્ટ ગૃપનાં મહેતા પરિવાર સ્થાપિત યુએનએમ ફાઉન્ડેશન દ્વારા ધ સીટી આર્ટસ પ્રોજેકટ કાર્યક્રમની પાંચમી આવૃતિનો પ્રારંભ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યો છે. જેમાં કલા પ્રેમીઓએ ફોક સુફી ફયુઝન પર્ફોમન્સ અને વિઝયુઅલ આર્ટ સ્ટોરીને મન ભરીને માણી હતી. પ્રથમ દિવસે મ્યુઝીક ઈન્ડસ્ટ્રીઝના ખ્યાતનામ કલાકાર હાર્દિક દવેએ એમફી થીયેટરમાં ઓપનીંગ પર્ફોમન્સ રજુ કર્યુ હતુ. હાર્દિકના ૧૨ કલાકારોવાળા લોક ફયુઝન બેન્ડ એક તારા દ્વારા તૈયાર કરવામાં આવેલ રચના સમ આજે ઉદઘાટન રજુ કરી હતી. દુનિયાભરનાં વિવિધ સંગીત વિષયો સાથે હાર્દિક દવેએ યાત્રાનું વર્ણન સમજાવ્યુ હતુ. ૫૦ વિઝયુઅલ આર્ટ સ્ટોરી પ્રદર્શીત કરી હતી. સર જે.જે. સ્કુલ ઓફ આર્ટનાં એમએફએ સ્નાતક અમી પટેલ દ્વારા યુવા ધી રીફલેકશન સ્ટોર ઓફ મેઈન્ટ રીફલેકશન રજુ કરવામાં આવી હતી. થોમસ ચાંગમાઈ પોતાના ઈન્સ્ટોલેશનમાં મૌલીક ભૌમીતીક રચના સમજવાની ગહન શક્તિ ઉપર રોશની નાખે છે. અલ્કા કરંદીકર દ્વારા લેન્ડ સ્કેપ થ્રુ માઈલેન્સ માં એવી રજાઈ બનાવી છે જે કાર્ય ક્ષમતાથી પર છે. નિયતી પટેલ પોતાના ઈન્સ્ટોલેશન ફાઈન્ડ યોર સેલ્ફમાં આપણા બેવડા સ્વભાવને સપાટી ઉપર લાવી માનવ મનની જટીલતાઓ ઉપર રોશની નાખે છે. વિઝયુઅલ આર્ટીસ્ટ નારાયણ પટેલે સાયલન્સ ઈન ધી સ્ટોર્મમાં પ્રકૃતીના તત્વો અગ્ની પવન આકાશ અને પાણી સાથે ઉંડો સબંધ સ્થાપીત કરવાનો પ્રયાસ કરે છે. ૨૫ મી નવેમ્બરે પ્રદર્શનનાં કાર્યક્રમમાં સૌમ્ય જોષી અનિરૂધ્ધ વર્મા, શ્રધ્ધા બ્રહ્મ ભટ્ટ કાજલ ઓઝા વૈધ, આરતીત અને નીલીમા, હુલ્લાસ પુરોહીત, રૂપીન શાહે ભાગ લીધો હતો. અભિવ્યક્તિની પાંચમી આવૃતી અમદાવાદ ખાતે યોજાઈ રહી છે આ વર્ષે ૩૭ કલાકારો ૧૦૬ પર્ફોર્મન્સ રજુ કરશે આ ઉપરાંત ૫૦ વિઝયુઅલ આર્ટસ ૫૦ કલાકારો દ્વારા ડિઝાઈન અને સેટઅપ કરવામાં આવશે તેમ અભિવ્યક્તિ દ્વારા જણાવાયુ છે.

# નાના રાજકોટની સીમમાં સબમર્શીબલ પંપ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
લીલીયા તાલુકાના નાના રાજકોટ ગામની સીમમાં કિશોરભાઈ મનુભાઈ બલરની વાડીમાં પાણી ખેંચવાનો સબમર્શીબલ પંપ રૂ/-૧૫,૬૭૭ની કિંમતનો કોઈ ચોરી કરી ગયાની લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચલાલામાં કારમાંથી મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
ચલાલા મહાદેવપરામાં કૃષ્ણકુમાર બીપીનભાઈ કાકડીયા રહે. સુરત મુળ ચલાલાની ફોરવ્હીલમાં રાખેલ વીવો કંપનીનો મોબાઈલ રૂ/-૨૫,૦૦૦ ની કિંમતનો કોઈ ચોરી કરી ગયાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૪૦ થી ૧૪૭૭ મગફળી ૧૦૭૪ થી ૧૨૯૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૭૪-૧૨૯૫
શિંગમોટી-૧૧૩૫-૧૪૧૮
શિંગદાણા-૯૦૦-૧૪૬૫
તલસફેદ-૧૨૦૦-૩૪૧૧
તલકાળા-૨૯૦૦-૩૩૦૦
બાજરો-૪૦૬-૫૧૭
જુવાર-૯૦૦-૧૧૯૦
ઘઉંટુકડા-૪૩૦-૬૬૧
ઘઉંલોકવન-૪૦૦-૬૦૧
મગ-૧૫૫૫-૧૭૫૬
અડદ-૧૮૦૦-૧૮૦૦
ચણા-૮૦૦-૧૨૪૧
તુવેર-૯૦૦-૨૧૫૧
કપાસ-૯૪૦-૧૪૭૭
એરંડા-૧૧૨૦-૧૧૨૦
જીરૂ-૭૫૦૦-૮૩૦૦
ઇસબગુલ-૧૩૨૦-૧૩૨૦
ગમગુવાર-૧૦૩૫-૧૦૩૫
ધાણા-૧૧૬૦-૧૪૮૮
અજમા-૧૧૩૦-૧૧૭૧
મેથી-૧૦૮૫-૧૨૪૦
સોયાબીન-૭૦૦-૯૭૩

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૨૦-૩૨૦
રીંગણા-૪૦૦-૬૦૦
ફ્લાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૧૪૦-૨૨૦
ટમેટાં-૭૦૦-૯૫૦
સુરણ-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૪૦૦-૬૦૦
દુધી-૧૫૦-૨૪૦
કારેલા-૨૦૦-૩૫૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૬૦૦-૮૦૦
ગુવાર-૬૦૦-૧૦૫૦
ચોળાલીલા-૫૦૦-૬૦૦
તુરીયા-૬૦૦-૧૦૦૦
ભીંડો-૫૦૦-૮૦૦
આદુ-૧૬૦૦-૨૦૦૦
કોથમીર-૨૦૦-૬૦૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
લસણસુકું-૧૨૦૦-૩૦૦૦
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૬-૫૧૧
જુવાર-૮૦૦-૧૩૪૫
ઘંઉ-૪૫૦-૬૦૯
મગ-૧૮૧૮-૨૩૦૦
અડદ-૧૬૫૦-૧૬૫૦
ચણા-૭૦૦-૧૦૫૦
ધાણા-૯૫૧-૧૦૭૧
શીંગ-૧૧૭૫-૧૩૫૩
તલસફેદ-૨૫૦૦-૩૪૦૦
તલકાળા-૩૩૦૦-૩૩૦૦
કપાસ-૧૩૦૦-૧૪૭૦

**મહુવાયાર્ડ**
શીંગ-૯૭૨-૧૩૭૧
શીંગજી-૧૦૩૨-૧૪૩૧
જુવાર-૬૩૦-૧૩૦૦
તલ-૨૬૫૨-૩૪૦૨
મકાઇ-૩૪૨-૫૨૨
ડુંગળીસ.-૨૦૦-૧૦૫૧
ડુંગળીલાલ-૨૦૦-૭૩૧
નાળીયેર-૫૭૩-૨૦૧૦
ચણા-૧૧૨૫-૧૧૫૨
મગ-૧૬૯૦-૧૬૯૦
અડદ-૧૩૭૦-૨૨૪૦

**બાબરા**
કપાસ-૧૩૪૫-૧૪૯૫
ઘઉંટુકડા-૪૯૫-૫૯૫
ચણા-૯૨૫-૧૦૯૫
મગ-૧૫૬૦-૧૮૦૦
બાજરી-૩૭૨-૪૦૮
તલસફેદ-૨૬૬૦-૩૧૦૦
અડદ-૧૫૫૦-૧૮૫૦
મગફળી-૧૨૩૫-૧૩૨૫
સીંગદાણા-૧૪૦૦-૧૬૦૦

**ધારી**
કપાસ-૧૩૩૫-૧૪૫૫
મગફળી-૯૭૫-૧૨૫૦
ચણા-૧૧૦૫-૧૧૪૧
અડદ-૧૭૭૦-૧૭૭૦
ધાણા-૧૩૨૫-૧૩૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૩૭૧
તલસફેદ-૩૦૦૦-૩૩૦૦
તલકાળા-૩૦૫૦-૩૩૫૦
જીરૂ-૮૫૦૦-૯૦૦૦
કપાસ-૧૩૫૦-૧૪૭૦
ઘઉં-૪૫૦-૫૫૦
બાજરો-૩૮૦-૩૭૦
જુવાર-૧૦૦૦-૧૩૫૦
ચણા-૮૫૦-૧૨૫૦

**જેતપુર માર્કેટયાર્ડ**
મગફળીજી-૮૦૧-૧૨૩૦
મગફળીજા-૭૬૦-૧૧૫૧
ઘઉંલોકવન-૩૮૦-૪૩૫
ઘઉંટુકડા-૩૯૦-૪૫૧
કપાસ-૧૨૪૧-૧૯૯૧
ચણા-૬૧૧-૯૨૬
અડદ-૭૧૧-૧૪૧૧
તલ-૧૭૬૧-૨૧૪૧
જીરૂ-૨૨૧૧-૨૯૫૧
ધાણા-૧૩૫૦-૧૫૮૧
સોયાબીન-૧૦૫૬-૧૨૩૬

**ખાંભા**
કપાસ-૧૩૨૫-૧૪૭૦
અડદ-૧૩૨૫-૧૫૫૧
મગફળી-૧૦૭૦-૧૩૩૬

**બગસરાયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૪૭૮
ચણા-૧૦૬૪-૧૧૬૪
ઘંઉ-૫૬૫-૫૮૧
અડદ-૧૭૭૨-૧૮૫૦
મગ-૧૦૦૦-૧૭૫૦
ધાણા-૧૩૩૨-૧૪૨૮

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૯૦૦
દાડમ-૯૦૦-૩૦૦૦
મુસંબી-૫૦૦-૮૦૦
જામફળ-૨૦૦-૪૫૦
સંતરા-૬૦૦-૯૦૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૨૦૦
સીતાફળ-૮૦૦-૧૬૦૦
કેળા-૫૦૦-૭૫૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૧૦૦-૨૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦
બોર-૪૦૦-૬૦૦

**લીલીયા**
કપાસ-૧૩૮૩-૧૪૫૯

### અમરેલી આજનું તાપમાન

મહત્તમ તાપમાન ૩૧.૫
ન્યુનતમ તાપમાન ૧૮.૭
ભેજનું પ્રમાણ ૪૮
પવનની ગતિ સરેરાશ-૭.૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
